# આરોગ્યને લગતા ખર્ચ માટે મદદ

## HC11 ક્વિક ગાઇડ

આ ગાઇડ નીચે જણાવેલી એનએચએસ (NHS) સેવાઓ અને ખર્ચ માટે ઉપલબ્ધ મદદ વિશે બધી માહિતી આપે છે:



પ્રિસ્ક્રિપ્શન



દાંતની સારવાર



દૃષ્ટિ પરીક્ષણો (આંખોની તપાસ)



ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સ



વિગ અને કાપડની મદદ




નિષ્ણાતની દેખરેખમાં NHS સારવાર મેળવવા માટે યાત્રા કરો

## પ્રિસ્ક્રિપ્શનની પૂર્વચૂકવણી

કેટલાક લોકોને બહુ મોટા પ્રમાણમાં અથવા નિયમિતપણે દવાઓ ખરીદવી પડતી હોય છે, પરંતુ તેઓ કોઇ પણ કારણોસર મફત પ્રિસ્ક્રિપ્શન મેળવવાને પાત્ર નથી હોતા, પ્રિસ્ક્રિપ્શન પૂર્વચૂકવણી સર્ટિફિકેટ (PPC) એમનો ખર્ચ બચાવવામાં ઉપયોગી થાય છે. પ્છ ૪ મહિના માટે કે એક વર્ષ માટે મળે છે.

જો આપને દર મહિને ૧ કરતા વધુ પ્રિસ્ક્રિપ્શનની જરૂર પડતી હોય, તો PPC આપને પૈસા બચાવી આપી શકશે.

**આપ પ્છ મેળવવા માટે અરજી કરી શકો:**

- ઈંટરનેટ પર: www.ppa.nhs.uk પર
- ટપાલ દ્વારા: સ્થાનિક દવાની દુકાનમાં ઉપલબ્ધ ફોર્મ FP95નો ઉપયોગ કરીને
- PPC વેચવા માટે નોંધાયેલી દવાની દુકાનમાંથી
- ટેલિફોન વડે – વિગતો નીચે જુઓ

આપ આ નંબર પર ફોન કરી PPC ની કિંમત જાણી શકો અથવા PPC ખરીદી શકો.

**0845 850 0030**

(કોલ્સ પર સ્થાનિક દર લાગુ પડે છે)

## રિફંડ

જો તમે NHSનો ખર્ચ ચૂકવી દીધો હોય તો તમે પોતાના અમુક અથવા બધા જ પૈસા પાછા મેળવી શકો એવું બને. તે માટેનો દાવો તમારે પૈસા ચૂકવ્યા હોય તેના ત્રણ મહીનામાં કરી દેવો જોઇએ. રિફંડની માગણી કરવા માટે સામાન્ય રીતે તમારે HC5 ફોર્મ ભરીને ખર્ચની રસીદ સાથે મોકલવાની રહેશે. HC5 આ વિશે વધુ સમજણ આપે છે. તમે HC5 અહિંયાથી મેળવી શકશો:

- તમારું સ્થાનિક જોબ સેન્ટર પ્લસ કાર્યાલય
- તમારી સ્થાનિક હૉસ્પિટલ
- કેટલાક દાંતના ડૉક્ટર અને ચશ્મા બનાવનારાઓ
- www.ppa.nhs.uk તમને ટપાલમાં મોકલવામાં આવશે
- આ નંબર પર માંગણી કરવાથી પેશન્ટ સર્વિસિઝમાંથી:

**0845 850 1166**

(કોલ્સ પર સ્થાનિક દર લાગુ પડે છે)

જો આપ દવાઓની કિંમત ચૂકવતા હો અને તમને લાગે કે કદાચ તમે રિફંડ મેળવવાનું વિચારો, તો પૈસા ચૂકવતી વખતે ફાર્મસિસ્ટ પાસેથી NHS રસીદ (ફોર્મ FP57) માંગો. આપ ફક્તપૈસા ચૂકવતી વખતે જ રસીદ મેળવી શકશો. આ રસીદમાં તમારે રિફંડ મેળવવા માટે શું કરવું જોઇએ તે જણાવેલું હશે,

## દુભાષિયા સેવાઓ

અંગ્રેજી આપની માતૃભાષા ન હોય, તો આ પત્રિકામાં આપેલા બધા નંબરો પર ટેલિફોન દુભાષિયા સેવા મળી શકશે જ્યારે તમે અમને ફોન કરો ત્યારે અંગ્રેજીમાં બોલીને તમારી ભાષા કઇ છે તે જણાવશો. તમે અંગ્રેજી બોલી ન શકતા હો તો તમારા મિત્ર મારફતે વાત કરશો, તો અમેદુભાષિયાની વ્યવસ્થા કરી આપીશું,

આમાં સામાન્ય રીતે ૩૦ સેકંડથી એક મિનિટનો સમય લાગે છે.

## બીજી ખાસ જરૂરિયાતો

માગણી કરવાથી આ પત્રિકા બ્રેઇલમાં, ઓડિયો કેસેટ પર, ડિસ્ક પર અને મોટા અક્ષરોમાં મળી શકશે.

આ પત્રિકામાં આપેલા બધા ટેલિફોન નંબરો પર ટાઇપટોક પણ સ્વીકારાય છે જે સાંભળવાની તકલીફ હોય તેવા લોકો માટે છે. આ સેવા સોમવારથી શુક્રવાર સવારે 8: 00 થી સાંજે 6:00 વાગ્યા સુધી ઉપલબ્ધ છે.

આ ઉપલબ્ધ મદદ માટે ગાઇડ નથી. વધુ વિસ્તૃત માહિતી માટે NHS હોસ્પિટલોમાં ઉપલબ્ધ પત્રિકા એચસી૧૧(HC11) લઇ લો. કેટલીક દવાની દુકાનો, જીપીનાં દવાખાના અને ચશ્મા બનાવનારાઓ પણ તે રાખે છે.

અથવા નીચેની વેબસાઇટ પર જાઓ અને પત્રિકા મેળવવા માટે 'સર્ચ' સુવિધાનો ઉપયોગ કરો:

www.dh.gov.uk

અથવા વધુ સલાહ મેળવવા, અથવા રિફંડ મેળવવા માટેનું ફોર્મ (HC5) મેળવવા માટે નીચેના હેલ્પલાઇન નંબર પર ફોન કરીને સલાહકાર સાથે વાત કરો

**0845 850 1166**

(કોલ્સ પર સ્થાનિક દર લાગુ પડે છે)

© કાઉન કોપીરાઇટ ૨૦૦૫।
આરોગ્ય ખાતા વતી પ્રસ્તુત . HC11QG V02 1M

# ક્વિક ગાઇડ

## યુવાનો અને લાભો મેળવતી વ્યક્તિઓ

**શું આપ ૧૬, ૧૭ કે ૧૮ વર્ષના અને પૂર્ણ સમયના વિદ્યાર્થી છો?**

જો આનો જવાબ હા હોય, તો આપ નિમ્નલિખિત NHS વસ્તુઓ અને સેવાઓ નિઃશુલ્ક મેળવવાને અધિકારી છોઃ

NHS પ્રિસ્ક્રિપ્શન

NHS દાંતની સારવાર

દૃષ્ટિ પરીક્ષણો

NHS વિગ્સ અને કાપડની સહાય

આપ ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સ બનાવડાવવા માટે વાઉચર મેળવવાને પાત્ર પણ છો

**જો આપ (અથવા આપના સાથી, જો હોય તો) આ મેળવતા હોઃ**

- આવક સહાય
- ઇન્કમ બેઝ્ડ જોબ સીકર્સ એલાઉન્સ)
- પેન્શન ક્રેડિટ **ગેરંટી ક્રેડિટ, અથવા**
- NHS ટેક્સ ક્રેડિટ એગ્ઝેમ્પ્શન સર્ટિફિકેટ ધરાવતા હો

તો આપ ઉપર જણાવેલી બધી જ વસ્તુઓ/સેવાઓ મેળવાપાત્ર છો અનેઃ

હોસ્પિટલના નિષ્ણાતની સંભાળ હેઠળ સારવાર મેળવવા માટે કરવામાં આવેલી મુસાફરીના વાજબી ખર્ચનું રિફંડ

તમે સારવાર લેતા હો ત્યારે તમને ચૂકવણીમાં રાહતનો લાભ મળી શકે એમ તમે માનતા હો તો ડૉક્ટરને એની જાણ કરશો, ડૉક્ટર તમારી પાસેથી તેનો પુરાવો માંગશે અને એક ફોર્મમાં સહી કરવા કહેશે.

નોંધઃ જો આપ એવો કોઇ લાભ મેળવતા હો જે ઉપર આપેલ ન હોય, તો આપે બાકીની પત્રિકા ધ્યાનથી જોવી જોઇએ જેથી આપ જાણી શકો કે આપ મદદ મેળવવાપાત્ર છો કે કેમ.

## કેટલીક બીમારીઓથી પીડાતા લોકો

જો આપ નીચેની બીમારીઓમાંની કોઇ બીમારીથી પીડાતા હો તો NHS મેડિકલ એગ્ઝેમ્પ્શન(મુક્તિ) સર્ટિફિકેટ જેનાથી આપ NHS પ્રિસ્ક્રિપ્શન નિઃશુલ્ક મેળવવાપાત્ર થશો. આ મુક્તિમાટેની બીમારીઓ છેઃ

હાયપોપેરાથાયરોઇડિઝ્મ

હાયપોએડ્રેનાલિઝ્મ જેના માટે ખાસ સબસ્ટિટ્યુશન (અવેજીની દવા) થેરપી જરૂરી હોય (દા.ત. એડિસન્સ ડિસિઝ)

ડાયાબિટિસ ઇનસિપિડસ અને હાયપોપિચ્યુઇટરિઝ્મના

બીજા સ્વરૂપો

જેમાં ફક્તઆહારથી સારવાર થતી હોય તે

સિવાય ડાયબિટિસ મેલિટસ

માયસ્થેનિયા ગ્રેવિસ

માયક્સોડેમા (એવો હાયપોથાયરોઇડિઝ્મ જેમાં થાઇરોઇડના હોર્મોન બદલવાની જરૂર પડે છે)

વાઇ જેમાં સતત ખેંચ ન આવે તેવી

સારવારની જરૂર પડે છે

ભગંદરને કારણે સતત સર્જીકલ ડ્રેસિંગ અથવા કોઇ સાધનની જરૂર પડતી હોય

આ સ્થિતિઓ સિવાય, જો આપને કોઇ શારીરિક ક્ષતિ હોય જેના કારણે આપ ઘરમાંથી બીજી વ્યક્તિની મદદ વિના બહાર ન જઇ શકતા હો તો પણ આપ મદદ મેળવવાપાત્ર હોઇ શકો.

સર્ટિફિકેટ મેળવવા માટે અરજી કરવા માટે આપની સર્જરીના રિસેપ્શનિસ્ટને પૂછો. સર્જરીમાં એક ફોર્મ ભરવામાં આવશે અને સર્જરીનો કોઇ કર્મચારી એના પર સહી-સિક્કા કરશે, સર્જરી આ અરજી ન્યુ કાસલમાંની પેશન્ટ સર્વિસિઝને મોકલી આપશે અને આપને સર્જરી દ્વારા ફોર્મ મોકલાયાના ૧૪ દિવસમાં આપનું સર્ટિફિકેટ મળી જશે.

## ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો

**જો આપની ઉંમર ૬૦ વર્ષ કે એથી વધુ હોય તો આપ આ મેળવવાપાત્ર છોઃ**

નિઃશુલ્ક NHS પ્રિસ્ક્રિપ્શન

નિઃશુલ્ક NHS દૃષ્ટિ પરીક્ષણો

## ગર્ભવતી સ્ત્રીઓ અને એવી સ્ત્રીઓ જેમણે છેલ્લા ૧૨ મહીનામાં બાળકને જન્મ આપ્યો હોય

**આપ આ મેળવવાપાત્ર છોઃ**

નિઃશુલ્ક NHS પ્રિસ્ક્રિપ્શન

નિઃશુલ્ક NHS દાંતની સારવાર

આ મેળવવા માટે આપે એક મેટરનિટિ એગ્ઝેમ્પ્શન (માતૃત્વ મુક્તિ) સર્ટિફિકેટ માટે અરજી કરવી પડશે.

ફોર્મ આપના જીપી, મિડવાઇફ અથવા હેલ્થ વિઝિટર પાસેથી મળી શકશે. તેઓ આપને આ ફોર્મ ભરવામાં મદદ કરશે અને તેને ન્યુ કાસલમાંની પેશન્ટ સર્વિસિઝને મોકલી આપશે. આપને આપનું સર્ટિફિકેટ ૧૪ દિવસમાં મળી જશે.

## ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ

આ પત્રિકામાંના જૂથોમાંથી એકમાં પણ આપનો સમાવેશ ન થતો હોય, પણ આપને NHS નો ખર્ચ ચૂકવવામાં તકલીફ પડતી હોય, તો આપ NHS લો ઇન્કમ સ્કીમ (ઓછી આવક યોજના) હેઠળ મદદ મેળવવાપાત્ર હોઇ શકો. આ એક આવક સાથે સંકળાયેલી યોજના છે જે આપની (અને આપના સાથીની) અઠવાડિક જરૂરિયાતો અને આવક વિશે જાણીને જો આપે આપના આરોગ્ય સંબંધી ખર્ચ તરીકે કંઇ ચૂકવવાનું થતું હોય તો તે કેટલું છે તેની ગણત્રી કરે છે.

આ યોજના હેઠળ મદદ મેળવવાની ન્યૂનતમ જરૂરિયાતો થોડા સમય પહેલા જ બદલાઇ છે તેથી જો આપે છેલ્લા થોડા સમયમાં માંગણી ન કરી હોય, તો નવી માંગણી કરવા જેવી છે.

જો આપને લો ઇન્કમ સ્કીમ હેઠળ માંગણી કરવી હોય તો આપના સ્થાનિક દાંતના ડૉક્ટર, ચશ્મા બનાવનાર અથવા જીપીની સર્જરીમાંથી ફોર્મ HC1 મેળવી લો.

આપ અમારી હેલ્પલાઇન પર ફોન કરી ફોર્મ મેળવી શકો, તે ભરવા વિશે સલાહ મેળવી શકો, અથવા માહિતી અને સામાન્ય સલાહ મેળવી શકો. નંબર છેઃ

**0845 850 1166**

(કોલ્સ પર સ્થાનિક દર લાગુ પડે છે)